સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નીલ ગાય ને ડરાવવા હવે દીપડા રાખો!
ને વનની સુરક્ષા માટે હવી દાપડા રાખો!
નીમો દીપડા, સ્વભાવે ને વેશધારી કર્મીને -
પ્રજાને ભયમાં રાખવા હવે દીપડા રાખો!

ગણાવે તંત્ર -
દીપડા રાખવાના -
શુદ્ધ ફાયદા...

સાચા પાંજરે!
રાખો બહુરૂપીયા -
ચાલશે તંત્ર...

હાઈકુ

ચિંતન

પ્રસાદો, નિષ્ફલો યસ્ય, ક્રોધશ્ચાપિ ।
ન તં ભર્તારમિચ્છન્તિ, ષષ્ઠં પતિભવ સ્ત્રિયં ॥

ઉપરોક્ત સુભાષિત વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે વ્યક્તિ પ્રસન્ન થાય છતાં કંઈ આપી ન શકે, ખાલી ખાલી 'શાબાશી' - 'ધન્યવાદ' નો તો કોઈ અર્થ જ નથી. એવી પ્રસન્નતા વ્યર્થ જ છે.

વળી જે વ્યક્તિ ક્રોધ કરે, ગુસ્સે થાય છતાં તેનું કંઈ ઊપજે નહીં, એવા શાસકને પ્રજા પોતાના સ્વામી બનાવવા ઈચ્છતી નથી.

જેમ કે નપુંસક પતિને કોઈ પણ સ્ત્રી પોતાના પતિ તરીકે ઈચ્છતી નથી, એવી જ રીતે કાયદા બનાવી - સજાઓની જાહેરાત પણ કરે પણ અમલીકરણમાં ઢીલાશ હોય તો એવા કાયદાથી કોઈ ડરતું નથી.

જે શાસક દાનવીર અને કદરદાન હોય, તેની ધાક હોય, કાયદાના અમલ કરાવી શક્યો હોય એનું શાસન પ્રજા સ્વીકારે છે.

સુવિચાર

- નાસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિકને મન ઈશ્વર પૂર્ણવિરામ છે - **સ્વામી રામતીર્થ**
- સ્વભાવ એટલે માણસે પોતે નક્કી કરેલા નિયમો,
  પ્રકૃતિ એટલે માણસે પોતાના માટે જ દોરી દીધેલી સીમાઓ - **કૃષ્ણકાન્ત ઉડટકટ**
- કેટલાક વૃદ્ધો કહે છે કે અમારો કોઈ ભાવ પૂછતા નથી,
  ભાવ પૂછવાની વાત એવા લોકો જ કરે છે જે અમૂલ્ય બની શકતા નથી - **જીવન પાથેય**
- જીવનના પાઠ કોઈ પાઠશાળા શીખવતી નથી, જીવવાની કળા તો કેળવવી પડે, તમે તમારા જીવનને ગમે તેવો આકાર આપી શકો તો તમે તમારા જ શ્રેષ્ઠ ગુરુ બની શકો - **એસ. ભટ્ટાચાર્ય**
- સમય આપણને શાણા બનાવે એ પહેલા આપણે સમયસર શાણા બની જવું જોઈએ - **શેખ સાદી**
- જે ધર્મમાં હોય એ કર્મમાં આવે તો જ તેનો મર્મ જળવાય છે - **ધર્મલોક**
- આજનું ઔષધ : ૨૫૦ મીલી કોપરેલમાં ૫૦ ગ્રામ મેંદીના પાન ઉકાળવા, તે તેલ રોજ માથામાં ઘસવાથી માથાના વાળ વધે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

બાર જ વર્ષના હેમીંગ્વેની વાર્તા લખવામાં ફાવટ હતી. શાળામાં વાર્તા હરિફાઈનું આયોજન થયું. એક મહિનામાં વાર્તા લખીને આપવાની હતી. હેમીંગ્વેને મનમાં અભિમાન હતું કે આ વખતે પ્રથમ ઈનામ એને જ મળશે. કારણ કે એના જેવું બીજું કોઈ વાર્તાકાર જ નથી. કંઈક મિથ્યા અહંકાર અને કંઈક આળસને કારણે ચારેક દિવસ જ બાકી રહ્યા. તેણે વાર્તા તો લખી નાખી. પણ કંઈક ઝડપથી ચિંતનના અભાવ વગર વાર્તા લખી. તેમ છતાં તેને ખાતરી હતી કે પ્રથમ ઈનામ એને જ મળશે. પરંતુ જયારે પરિણામ જાહેર થયું ત્યારે આંખો સમક્ષથી અહમ્નો પડદો હટ્યો. હમીંગ્વેને વાર્તા હરિફીમાં પાંચમું સ્થાન મળ્યું હતું. ઉદાસ થઈ ઘરે પહોંચી. બહેનને ફરિયાદ કરી. 'પરીક્ષકોએ મારી સાથે પક્ષઘાત કર્યો છે. મારી વાર્તા પાંચમા ક્રમે આવી છે.' બહેને ભાઈને સમજાવતા કહ્યું, 'પરીક્ષકનો વાંક કાઢવા કરતાં આપણી ખામીઓ શોધવાનો પ્રયત્ન કરીએ તો જ આગળ વધી શકાય. એ સાચું છે કે તું સારી વાર્તા લખે છે. પરંતુ એનો અર્થ એ નથી જ કે તારી જ વાર્તા શ્રેષ્ઠ હોવી જોઈએ. એને ઈનામ મળવું જ જોઈએ. એટલું યાદ રાખ કે સઘન અને સતત પ્રયત્નો એ સફળતાની ચાવી છે. એક મહિનાનો સમયગાળો આપવા પાછળ પણ કંઈક તર્ક તો હશે ને ? તેં તો માત્ર ચાર દિવસમાં વાર્તા લખી હતી. આ પરાજયમાંથી એક પાઠ શિખવાનો પ્રયત્ન કરે. કે કોઈ પણ કાર્ય ઉતાવળે કરાય નહિ.' બહેનના આ શબ્દોની હેમીંગ્વે પર જોરદાર અસર થઈ અને ૧૯૫૪માં હેમીંગ્વેને સાહિત્ય નોબેલ પારિતોષિક મળ્યું.

આજે ઉજવણીનો મંગલ સમન્વય

તંત્રીસ્થાનેથી...

આજે શિવરાત્રી સાથે માતૃભાષા દિવસનો સંયોગ સધાયો છે. દુનિયાના ઈતિહાસમાં માતૃભાષાના નામ પર કોઈ દેશ જન્મ્યો હોય એવી અભૂતપૂર્વ ઘટના તે આપણા પાડોશી રાષ્ટ્ર બાંગ્લાદેશનું પ્રાગટ્ય. આઝાદીની સુદીર્ઘ ચળવળને અંતે મહાત્મા ગાંધીની ઈચ્છા વિરુદ્ધ ભારતભૂમિના ટુકડા થયા અને તે પણ ધર્મના નામે. પાકિસ્તાનની પૂર્વ પાંખ તરીકે પ્રસ્થાપિત થયેલ બંગભાષી પ્રદેશ એની ભાષાકીય અસ્મિતાના મુદ્દે પશ્ચિમ પાકિસ્તાનના કટ્ટર શાસકોના સકંજામાં અકળામણ અનુભવતો હતો. આખરે એની ભીતર ભભૂકતો જવાળામુખી ફાટ્યો. શેખ મુજીબ - ઉર - રહેમાન જેવા નેતાની આગેવાનીમાં 'આમારા સોનાર બાંગ્લા' નો બુલંદ પડકાર ફેંકાયો જેને તત્કાલીન ભારતનાં લોખંડી મનોબળ ધરાવતાં વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ હૂંફાળો પ્રતિસાદ પાઠવ્યો. બાંગ્લાદેશ આઝાદ થયો. એણે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના જ કાવ્ય - 'આમાર સોનાર બાંગ્લા' નો રાષ્ટ્રગીત તરીકે સ્વીકાર કર્યો. ભાષાની અસ્મિતાના મુદ્દે સરજાયેલા રાષ્ટ્રના જન્મદિવસાનો યુનાઈટેડ નેશન્સ દ્વારા કાળક્રમે 'વિશ્વ માતૃભાષા દિન' તરીકે સ્વીકૃતિ સાંપડી. આવી મંગલકારી ઘટના શિવરાત્રી સાથે સંકળાઈને આવે ત્યારે એ શુભ સંકેત જ બની રહે. બંગાળ વિશ્વવિભૂતિઓ પેદા કરનારી સોના ખાણ છે. બંગાળી ભાષા વિશ્વસાહિત્યમાં અત્યંત ગરિમાભર્યું સ્થાન ભોગવતી રહી છે. જે એક માત્ર ભારતીય સર્જકને સાહિત્યનું નોબેલ મળ્યું છે તે બંગભાષાના મહાકવિ છે. જયારે દુનિયા આખી ભૌતિકવાદના ભોરિંગના સકંજામાં ભરડાઈ રહી છે ત્યારે આજે પણ બંગાળમાં બાઉલ સંગીત, રવીંદ્ર સંગીત અને નઝરૂલ ઈસ્લામની કવિતાની રમઝટ અકબંધ રહી છે. વિશ્વને ભાષાની મહત્તા પ્રત્યે અંગુલિ નિર્દેશ કરનારી એ પ્રજાને પણ વંદન અને અભિનંદન ! તુલસીદાસ શિવને કવિ કહે છે. આદિ કવિનું બિરુદ સ્વાભાવિક રીતે જ વાલ્મિકીને અપાયું છે. કવિ એની અંતઃસ્ફુરણાથી કવિતા રચી દે છે, તે પછી એની માલિકી સમાપ્ત થઈ જાય છે. ગાય એનું ગીત. 'વાલ્મિકી તુલસી ભયો' એમ કાલાન્તરે તુલસીને પણ કોઈ સુયોગ્ય માનવ શરીર સાથે જોડાવાનું મન થયું હશે. તલગાજરડા જેવા ખોબા જેવડા ગામડામાં જઈ એક સાધુ પરિવારમાં એ ઠર્યું. મોરારિ બાપુએ તુલસીને ઝીલ્યા, જીરવ્યા, જોગવ્યા અને દુનિયાભરમાં ફેરવ્યા. હનુમાનજીના મજબૂત કંઠમાં રામચરિત માનસ સોળે કળાએ કોળે છે. મહાશિવરાત્રી બાપુનું પ્રાગટ્યપર્વ પણ છે. આજે આ નરવા-ગરવા, ગિરા ગૂર્જરીને વિશ્વગૂર્જરીની ગરિમા બક્ષનારા સંત-સાધકનું અમૃતપર્વ પણ છે. એમને માત્ર સો વર્ષ નહીં પણ એમના પૂર્વાવતાર તુલસીદાસની જેમ પૂરાં સવાસો વર્ષનું આયુષ્ય સાંપડે અને વ્યાસપીઠ પર જ એમનું અવતારકાર્ય પૂર્ણાહૂતિ પ્રાપ્ત કરે એવી અંતઃકરણથી શુભકામના પાઠવીએ.

શિવમહિનાનો ના'વે પાર !



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

કેટલાક મૂરખ લોકો જગતને ભરમાવવા, આવા ખોટા તર્કો કરે છે - તમે આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કેવી રીતે કરી શકો ? શા માટે ? કયા શરીર થી ? પરંતુ હે પ્રભુ ! 'સર્જન માટેનું તમારું' ઐશ્વર્ય તો કોઈના પણ તર્કથી જાણી શકાય એવું નથી.

હે વરદાન આપનારા ! ગૃહસ્થી ચલાવવા માટેની તમારી સામગ્રી આ છે - મોટો બળદ, માંચડો, ફરસો, મૃગાચર્મ, ભભૂતિ, સર્વ, ખોપરી. પરંતુ તમારી જ કૃપાને કારણે દેવો સમૃદ્ધિને ભોગવી રહ્યા છે. જે નિજાનંદમાં જ મસ્ત કહે છે, તેઓને વિષયભોગના ઝાંજવા લલચાવી શકતા નથી.

હે ત્ર્યંબક (સમુદ્રમાંથી ઝેર નિકળ્યું ત્યારે, એનાથી સમગ્ર બ્રહ્માંડનો નાશ થઈ જશે, એવા ભયને કારણે દેવો અને દાનવો ડરી ગયા. આથી (તમે) આ વિષનું પાન કરી લીધું, આને કારણે કંઠ ઉપર ડે ડાઘ પડી ગયો; એનાથી ઊલટી તમારી શોભા વધી ગઈ છે. સંસારમાં સૌ કોઈનો ભય દૂર કરવાની તમને આદત છે. તમને તો વિકૃતિ પણ શોભા આપે !

તમારે ત્રિપુરાસુરને તણખલાની જેમ ભસ્મ કરવો હતો; એટલે પૃથ્વીનો રથ બનાવ્યો, બ્રહ્માને સારથિ, મેરુ પર્વતનું ધનુષ્ય (રથને) ચંદ્ર અને સૂર્યનાં પૈડા, વિષ્ણુનું બાણ બનાવ્યું. આ તો તમારો કેવો આડંબર ? તમે તો દરેક સામગ્રીનો યથેચ્છ ઉપયોગ કરી જ શકો છો. ખરેખર પરમેશ્વરને પોતાના સંકલ્પો પાર પાડવા બીજા ઉપર આધાર રાખવો પડતો નથી.

સ્મશાનોમાં ક્રીડા, પિશાચોની મિત્રતા, ચિતાની ભસ્મનો લેપ, મનુષ્યની ખોપરીઓની માળા - ભળે આ બધી બાબતો અપવિત્ર ગણાતી હોય, પરંતુ હે કામદેવના નાશક ! હે વરદાન આપનારા ! જે કોઈ તમારું સ્મરણ કરે છે, એને માટે તમે ખૂબ કલ્યાણકારક છો.

તમે સૂર્ય છો, તમે ચંદ્ર, તમે વાયુ, તમે અગ્નિ, તમે જળ, તમે આકાશ. તમે પૃથ્વી, તમે જીવાત્મા છો. બુદ્ધિશાળીઓ ભલે આ રીતે મર્યાદાવાળી વાણી બોલતા હોય,પરંતુ (આ જગતમાં) તમે જ હોય, એવા કોઈ તત્ત્વને અમે જાણતા નથી.

હે ભગવાન ! જળ, પૃથ્વી, તેજ, પશુપતિ, વાયુ, મહાદેવ, આકાશ એન સૂર્ય - આપના આ પાઠ નામો છે. વેદો પણ આ દરેક નામની સ્તુતિ કરે છે. તમે આ સૌના પ્રિય છો, શરણ આપનારા છો હું આપને મારા મન, વચન અને કર્મના યોગે કરીને વારંવાર નમન કરું છું.

હે એકાન્તપ્રિય ! તમે એકદમ દૂર છો અને એકદમ નજીક. તમને નમન. હે કામવિજેતા! તમે એકદમ મોટા સ્વરુપવાળા તો એકદમ નાના સ્વરુપવાળા છો. તમને નમન હે ત્રિનયન ! તમે એકદમ વૃદ્ધ સ્વરુપવાળા, તો એકદમ યુવાન સ્વરુપવાળા છો. તમને નમન. તમે સર્વરુપે રહેલા છો અને તમારામાં સર્વરુપ રહેલા છે. એવા તમને નમન.

વિશ્વની ઉત્પત્તિ માટે અધિક રજોગુણની જરૂર છે. આને ધરાવતા ભવ (=બ્રહ્મા) ને નમન. વિશ્વના સંહાર માટે અધિક તમોગુણની જરૂર છે. આને ધરાવતા હર (=રુદ્ર) ને નમન. લોકોને સુખી કરવા અધિક સત્ત્વગુણની જરૂર છે. આને ધરાવતા મૃડ (= વિષ્ણુ) એ નમન. આ ત્રણેય ગુણોથી પર એવા જયોતિસ્વરુપ કલ્યાણકારક શિવને વારંવાર નમન.

સીતાવન અને ભરતવન કયા વનમાં આવેલા છે?

ખજાનો
અનિલ પટેલ

ગુજરાતની ભૂગોળ

૧ વાડીનાર બંદર કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) જૂનાગઢ (બ) પોરબંદર
(ક) ભાવનગર (ડ) દેવભૂમિ દ્વારકા

૨ ગાંધી સ્મૃતિ મ્યુઝિયમ કયાં આવેલું છે ?
(અ) પોરબંદર (બ) ભાવનગર
(ક) અમદાવાદ (ડ) રાજકોટ

૩ નીચેનામાંથી કયુ સ્થળ ચિનાઈ ઉદ્યોગ માટે જાણીતું છે ?
(અ) થાન (બ) ચોટીલા
(ક) ધ્રાંગધ્રા (ડ) હળવદ

૪ ડાંગ અને નર્મદા જિલ્લામાં શાનું ઉત્પાદન વધુ થાય છે ?
(અ) મહુડા (બ) તાડ
(ક) વાંસ (ડ) સાગ

૫ સીતાવન અને ભરતવન કયા વનમાં આવેલા છે ?
(અ) ગિરનાર વન (બ) ડાંગના વન
(ક) પોળોના જંગલો (ડ) જેસોરના જંગલ

૬ શ્યામ સરોવર કયાં આવેલું છે ?
(અ) મોરબી (બ) વડોદરા
(ક) શામળાજી (ડ) જૂનાગઢ

૭ ગુજરાતના કયા વર્તમાન શહેરનું પ્રાચીન નામ ધવલ્લક હતું ?
(અ) ધોળકા (બ) ધોલેરા
(ક) ધંધુકા (ડ) વલ્લભીપુર

૮ પંચામૃત ડેરી કયા સ્થળે આવેલ છે ?
(અ) હિંમતનગર (બ) મહેસાણા
(ક) આણંદ (ડ) ગોધરા

૯ કર્કવૃત્ત ઉત્તર ગુજરાતના કયા બે શહેરો વચ્ચેથી પસાર થાય છે ?
(અ) વિસનગર - વિજાપુર (બ) કલોલ - કડી
(ક) પ્રાંતિજ - હિંમતનગર (ડ) મહેસાણા - ઊંઝા

૧૦ ગુજરાતમાં કયા જિલ્લામાંથી ફાયર ક્લે મળી આવે છે ?
(અ) અમદાવાદ (બ) સુરેન્દ્રનગર
(ક) અમરેલી (ડ) રાજકોટ

૧૧ ગુજરાતના કયા વિસ્તારની જાફરાબાદી ભેંસ જાણીતી છે ?
(અ) બની (કચ્છ) (બ) બનાસકાંઠા
(ક) સૌરાષ્ટ્ર (ડ) ચરોત્તર

૧૨ સૌરાષ્ટ્રનું કયું તીર્થસ્થાન ચંદ્રતીર્થ તરીકે પણ ઓળખાય છે ?
(અ) દ્વારકા (બ) સોમનાથ
(ક) તુલશીશ્યામ (ડ) પાલીતાણા

૧૩ માંકડી ડેમ કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) બનાસકાંઠા (બ) સાબરકાંઠા
(ક) પંચમહાલ (ડ) દાહોદ

૧૪ ગઢડા કઈ નદી કિનારે આવેલ છે ?
(અ) ભાદર (બ) મચ્છુ
(ક) અંબિકા (ડ) ઘેલો

૧૫ મહારાજા ભગતસિંહ બાલાશ્રમ કયાં આવેલ છે ?
(અ) ગોંડલ (બ) રાજકોટ
(ક) લીંમડી (ડ) લખતર

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૨૧ ફેબ્રુઆરી :**
  - મહાન ભારતીય વૈજ્ઞાનિક ડૉ. શાંતિ સ્વરુપ ભટનાગરનો જન્મદિવસ (૧૮૯૫)
  - હિન્દી ફિલ્મોના યાદગાર ચરિત્ર અભિનેતા ઓમપ્રકાશનું અવસાન થયું (૧૯૯૮)
  - વિશ્વ માતૃભાષા દિવસ.
- **૨૨ ફેબ્રુઆરી :**
  - રાષ્ટ્રવાદી રાજપુરુષ મૌલાના અબ્દુલ કલામનું નિધન (૧૯૫૮)
  - મહાત્મા ગાંધીના જીવન સંગીની કસ્તુરબા ગાંધીનું નિધન (૧૯૪૪)
  - ઈન્દુલાલ યાજ્ઞિકની જન્મજયંતિ (૧૮૯૨)
  - અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જયોર્જ વોશિંગ્ટનની જન્મજયંતિ (૧૭૩૨)
- **૨૩ ફેબ્રુઆરી :**
  - ક્રિકેટના ગ્રાઉન્ડ પર બોલ વાગવાથી મૃત્યુ પામનાર ક્રિકેટર રમણ લાંબાનું નિધન (૧૯૯૮)
  - ક્ષય રોગના હુમલાને કારણે લૂઈબ્રેઈલનું અવસાન થયું (૧૮૫૨)
  - અભિનેત્રી ભાગ્યશ્રીનો જન્મદિવસ (૧૯૬૯)
  - સાઉથ આફ્રિકાના ક્રિકેટર હર્ષલ ગિબ્સનો જન્મદિવસ (૧૯૭૪)
- **૨૪ ફેબ્રુઆરી :**
  - શેક્સપિયર સોસાયટીના સ્થાપક સમર્થ લોકનેતા સંતપ્રસાદ ભટ્ટનો જન્મદિવસ (૧૯૧૬)
  - મનીલા જાપાન પાસેથી આઝાદ થયું (૧૯૪૫)
  - 'એપલ'ના સ્થાપક સ્ટીવ જોબનો જન્મદિવસ (૧૯૫૫)
  - સેન્ટ્રલ એકસાઈઝ દિન / કેન્દ્રીય ઉત્પાદન શુલ્ક દિન
- **૨૫ ફેબ્રુઆરી :**
  - રવિશંકર મહારાજનો જન્મદિવસ (૧૮૮૪)
  - ભારતનાં પહેલાં વિકેટકીપર ફારુક એન્જીનીયરનો જન્મદિવસ (૧૯૩૮)
  - જમીનથી જમીન પર એટેક કરતી પૃથ્વી મિસાઈલનું સફળ પ્રક્ષેપણ (૧૯૮૮)
  - આસામ ટ્રેન બોમ્બ હુમલામાં ૨૭ સૈનિકોનાં મોત થયા (૧૯૯૫)
- **૨૬ ફેબ્રુઆરી :**
  - ફ્રાન્સના સાહિત્યકાર વિકટર હ્યુગોનો જન્મદિવસ (૧૮૦૨)
  - આણંદ ખાતે અમૂલ ડેરી સંલગ્ન ત્રિભુવનદાસ ફાઉન્ડેશનનું કામ શરુ થયું (૧૯૮૦)
  - સુરતના સપૂત કવિ નર્મદની પુણ્યતિથિ (૧૮૬૩)
  - ક્રિકેટના ભિષ્મ પિતામહ ડોન બ્રેડમેનનું નિધન (૨૦૦૧)
- **૨૭ ફેબ્રુઆરી :**
  - ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદનું નિધન (૧૯૩૧)
  - સાહિત્યકાર અને 'કુમાર'ના લેખક બચુભાઈ રાવતનો જન્મદિવસ (૧૮૮૯)
  - અમેરિકાના જહોન સ્ટાઈનબેકનો જન્મદિવસ (૧૯૦૨)
  - સામાજિક ફિલ્મોના નિર્માતા પ્રકાશ ઝાનો જન્મદિવસ (૧૯૫૨)

ગત સપ્તાહના સવાલનો જવાબ

દિલ્હી ભાજપ અધ્યક્ષ મનોજ તિવારી કઈ ભાષાના ગાયક કલાકાર છે ? જવાબ : ભોજપુરી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) સાહિલ એન. ઠાકોર : સે-૨૪ (૭) ઈન્દ્રસિંહ રાઠોડ : સે-૧૬

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

બિહારના પ્રશાંત કિશોર છેલ્લે કયા પક્ષ સાથે જોડાયેલા હતા ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

મહાશિવરાત્રિ એટલે શિવોદય તેમજ આત્મોન્નતિનું પર્વ

પ્રસંગસર

વિશ્વનો સૌથી પ્રાચીન આપણો ભારત દેશ ઉત્સવોનો દેશ છે. ભારતમાં ઉજવાતા મોટાભાગના દરેક ઉત્સવો પાછળ એક ચોક્કસ આધ્યાત્મિક, નૈતિક તેમજ સામાજિક રહસ્ય છુપાયેલું છે. એટલે દેશમાં ઉજવાતા દરેક ઉત્સવો માનવીમાં એક નવી ચેતના જાગૃત કરે છે. જીવનને આશા–ઉમંગથી ભરી દે છે. હતાશા, નિરાશા, દુઃખ, વ્યથા, અશાંતિ તેમજ આળસથી માનવીને મુક્ત કરી જીવનમાં નવો પ્રાણ ફૂંકે છે. વર્ષ દરમ્યાન આવતા અનેક ઉત્સવોમાં શિવરાત્રિના પર્વનું એક આગવું તેમજ વિશિષ્ટ મહત્વ છે. કારણ કે શિવરાત્રિ એ દેવાધિદેવ શિવના અવતરણનું અર્થાત શિવજયંતિનું પર્વ છે. આપણે સૌ જાણીએ છીએ તેમજ સ્વીકારીએ પણ છીએ કે જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ, જેની પૂજા વૈદિક સમયથી જ્યોર્તિલિંગ સ્વરૂપે કરવામાં આવે છે, તે શ્રી રામ-શ્રી કૃષ્ણના, બ્રહ્મા–વિષ્ણુ-શંકર જેવા ત્રિદેવના, દેવોના ગુરુ બૃહપતિ તેમજ દૈત્યોના ગુરુ શુક્રાચાર્યના, રાવણ જેવા રાક્ષસના તેમજ સર્વ ધર્મસ્થાપકોના હમેશાં આરાધ્ય રહ્યા છે. સર્વ મનુષ્ય આત્માઓના પરમપિતા પરમાત્મા શિવને દેહાતિત, અજન્મા, અકર્તા, અભોક્તા અને અવ્યક્ત સ્વરૂપે સ્વીકાર કરવામાં આવ્યાં છે. એટલે જ તેમનું કોઈ દૈહિક સ્વરૂપ નથી. તેથી કરીને જ્યોતિના પ્રતિક સમાન લિંગ ની સ્થાપના કરી તેમની પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ મહાજયોતિ સ્વરૂપ શિવ પરમાત્માના અવતરણના સંધર્ભમાં ઉજવાતી શિવજયંતીને મહાશિવરાત્રી રૂપે મનાવવામાં આવે છે. શિવરાત્રિમાં રાત્રિ શબ્દ ખુબજ સૂચક છે. અર્થાત શિવ અવતરણને રાત્રિ સાથે કોઈ સંબંધ છે. આ રાત્રિ તે કઈ રાત્રિ? આ સમજવા આપણે પૃથ્વી ધરા પર ભજવાઈ રહેલા અનાદિ, અવિનાશી વિશ્વ નાટકના ચક્રને સમજવું પડશે. આ ચક્ર બ્રહ્માનો દિવસ અને બ્રહ્માની રાત્રિ એમ બે ભાગમાં વહેચાયેલું છે. બ્રહ્માના દિવસના બે ભાગ એટલે સતયુગ અને ત્રેતાયુગ અને બ્રહ્માની રાતના બે ભાગ એટલે દ્વાપરયુગ અને કળયુગ. એમ ચાર યુગનું સૃષ્ટિચક્ર અનાદિ સમયથી ચાલતું આવ્યું છે અને અનંત સુધી ચાલતું રહેશે. આ ચક્રમાં બ્રહ્માનો દિવસ અર્થાત સતયુગ,ત્રેતાયુગ તે જ્ઞાનરૂપી પ્રકાશ અથવા ઉજાસ નું પ્રતિક છે તેમજ બ્રહ્માની રાત્રિ અર્થાત દ્વાપરયુગ, કળયુગ તે અજ્ઞાન રૂપી અંધકારનું પ્રતિક છે. તેમાં પણ કળયુગનો અંતિમ સમય એટલે ઘોર અંધકારનો સમય અતિ ધર્મગ્લાનિનો સમય. આ સમયે સમગ્ર વિશ્વમાં દુઃખ, અશાંતિ, ભય, ચિંતા, હિંસા,પાપચાર દુરાચાર ભ્રષ્ટાચાર વ્યાપેલો હોય છે. આવા સમયે સ્વયં શિવ પરમાત્મા, ગીતામાં પોતે આપેલા વચન અનુસાર, સૃષ્ટિ પરીવર્તન અર્થે દિવ્ય અવતરણ કરે છે અને કળયુગી દુનીયાનો વિનાશ કરાવી નવી સતયુગી દુનિયાની સ્થાપના કરે છે. અજ્ઞાન રૂપી ઘોર અંધકાર ના સમયે પરમાત્મા શિવનું બ્રહ્મા તનમાં અવતરણ થતું હોવાથી શિવરાત્રિ કહેવાય છે. આજના સમય પર દ્રષ્ટિપાત કરીએ તો તમે જરૂર સમ્મત થશો કે આજનો આ વર્તમાન સમય એ કળીકાલનો ઘોર અંધકારનો અંતિમ સમય ચાલી રહ્યો છે. શિવ પરમાત્માનું બ્રહ્માના તનમાં અવતરણ થઈ ચુક્યું છે. વર્તમાન સમયે જ્યારે તેવો જ્ઞાન તેમજ યોગની શિક્ષા આપી આપણને કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા મહાવિકારોથી મુક્ત કરી દૈવી દુનિયાની સ્થાપના કરી રહ્યા છે ત્યારે શિવરાત્રિનું મહત્વ વધી જાય છે. આ સંધર્ભમાં સાચા અર્થમાં આપણે શિવરાત્રિ ત્યારે માનવી ગણાય જ્યારે આપણે વર્તમાન સમયે પરમાત્મા શિવ જે જ્ઞાન યોગની શિક્ષા આપી રહ્યા છે તેને સમજીને, આપણાં જીવનમાં દૈવી ગુણોને ધારણ કરીને, આપણાં જીવનને શ્રેષ્ઠ બનાવીએ. શિવરાત્રિના પર્વની ઉજવણીના ભાગરૂપે આપણે શિવ મંદિરમાં જઈ અનેક રીતે પુજા-અર્ચન કરીએ છીએ. પરંતુ વર્તમાન સમયે પરમાત્મા શિવ દ્વારા અપાઈ રહેલા જ્ઞાન યોગની શિક્ષાને સમજીને આ ક્રિયાઓ કરીશું તો વધુ સાર્થક તેમજ લાભકારક થશે.

● શિવ પરમાત્માના પ્રતિકસમ શિવલિંગ પર ચંદનથી કરવામાં આવતી ત્રણ આડી રેખાઓ, જે ત્રિપુંડ કહેવાય છે, તેનું પણ રહસ્ય છે. સૃષ્ટિચક્રના કળયુગના અંતિમ સમયે અવતરિત થઈ પરમાત્મા શિવ ત્રણ દેવતા દ્વારા ત્રણ કર્તવ્યો કરે છે. શંકર દ્વારા કળયુગી તમોપ્રધાન સૃષ્ટિનો વિનાશ, બ્રહ્મા દ્વારા નુતન સતયુગી દુનિયાની સ્થાપના તેમજ વિષ્ણુ દ્વારા નવી સતયુગી દુનિયની પાલના. ત્રિપુંડ એ પરમાત્મા શિવ દ્વારા ત્રણ દેવતાઓના માધ્યમ દ્વારા કરવામાં આવતા આ ત્રણ કર્તવ્યોની પ્રતિકાત્મક યાદગાર છે. ● શિવનું અર્ચન-પૂજન ત્રણ પાનવાળા બિલીપત્રો ચઢાવી કરવામાં આવે છે. આ પણ પ્રતિકાત્મક તેમજ સાંકેતિક છે. વાસ્તવમાં જે વ્યક્તિ તન–મન–ધનથી શિવ પરમાત્માને સમર્પિત થાય છે તેના પર શિવજી પ્રસન્ન થાય છે. જો આ ભાવનાથી બિલીપત્ર ચઢાવમાં આવે તો શિવ પરમાત્માના વધુ કૃપાપાત્ર બનીશું. ● શિવલિંગ ઉપર જળાધારીમાંથી વહેતી જળધારા એ બ્રહ્મા મુખ દ્વારા પરમાત્મા શિવે વહાવેલી જ્ઞાનધારાનું પ્રતિક છે. આ જ્ઞાનબિંદુઓનાં સ્મરણ દ્વારા શિવ પરમાત્માનું મહિમાગાન કરવાનું રહસ્ય છુપાએલું છે. દૂધ દ્વારા સ્નાન કરાવવાનો અર્થ સ્વચ્છ તેમજ પવિત્ર મન દ્વારા શિવને સમર્પિત થવાનો સંકેત છે. ● શિવ મંદીરમાં પ્રવેશતા જ પોઠીયાની પ્રતિમા મુકવામાં આવે છે. પોઠીયાને શિવ પરમાત્માનું વાહન માનવામાં આવે છે. વાસ્તવમાં કળયુગના અંતે શિવ પરમાત્માનું અવતરણ બ્રહ્માના તનમાં થાય છે. એટલે પોઠીયો એ બ્રહ્માની યાદગાર છે. ● શિવલિંગના ગર્ભ દ્વાર પાસે કાચબાનું પ્રતિક પણ મુકવામાં આવે છે. કાચબાની વિશેષતા છે કે તે પોતાનું કામ પૂર્ણ થયે પોતાની કર્મેન્દ્રિઓને સંકેલી લે છે. તેજ રીતે સદાશિવની આરાધના માટે આપણે પણ કાચબાની જેમ મનને બધી બાબતોથી સંકેલી લઈ મનને એકાગ્ર કરવું જરૂરી છે. ● દેવી દેવતાઓના મંદિરમાં જવા પગથિયાં ઉપર ચઢવા પડે છે, જ્યારે શિવલિંગ સમીપે જવા માટે પગથિયાં ઉતરવા પડે છે. આમાં અંતરમુખી બની અંતરદર્શન દ્વારા શિવને પામવાનો સંકેત સમાયેલો છે. ● દેવી-દેવતાઓની મૂર્તિની સ્થાપના મંદિરના મુખ્યદ્વારથી પ્રવેશ કરાવીને થાય છે, જ્યારે શિવલિંગની સ્થાપના મંદિરના શિખર ઉપરથી નીચે ઉતારીને કરવામાં આવે છે. આની પાછળનું રહસ્ય એ છે કે જ્યોતિબિંદુ પરમાત્મા પરમધામથી અવતરણ કરે છે, જ્યારે સતયુગમાં દેવી-દેવતાઓનો જન્મ ધરતી પર થાય છે. મહાશિવરાત્રિના ઉપરોક્ત રહસ્યોને સમજીને પર્વની ઉજવણી કરીશું તો વધુ સાર્થક તેમજ લાભદાયક રહેશે.- બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ